**ક્રમાંક. ૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ)**
**ભારત સરકાર**
**ગૃહ મંત્રાલય**

**નોર્થ બ્લોક, નવી દિલ્હી-૧૧૦૦૦૧**
**તારીખ: ૧૫- મી એપ્રિલ, ૨૦૨૦.**

**હુકમ**

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫-ની કલમ ૧૦(૨)(ટ)થી મળેલી સત્તાની રૂએ, આથી, રાષ્ટ્રીય કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકેની ક્ષમતાથી નીચે સહી કરનારે ૧૪મી એપ્રિલ, ૨૦૨૦ના રોજ હુકમ બહાર પાડયો કર્યો હતો કે દેશમાં કોવિડ-૧૯ના રોગચાળાને અટકાવવા માટે ગૃહ મંત્રાલયની સંકલિત માર્ગદર્શિકામાં નિયત કરવામાં આવેલા લોકડાઉનના પગલાં, દેશભરમાં કોવિડ-૧૯ને ફેલાતા અટકાવવા માટે ૩જી મે, ૨૦૨૦ સુધી અમલમાં રહેશે;

પ્રજાની હાડમારી દૂર કરવા માટે, પસંદગીની વધારાની પ્રવૃત્તિઓને પરવાનગી આપવામાં આવશે કે જે ૨૦મી એપ્રિલ, ૨૦૨૦થી અમલમાં આવશે. જો કે, લોકડાઉનના પગલાં પરની વિદ્યમાન માર્ગદર્શિકાના કડક પાલનના આધારે રાજ્યો/સંઘ રાજ્યક્ષેત્રો/જિલ્લા વહ્હી વટીતંત્રો દ્વારા આવી વધારાની પ્રવૃત્તિઓ કાર્યરત કરવામાં આવશે. આ છૂટછાટોના અમલ પહેલા, રાજ્યો/ સંઘ રાજ્યક્ષેત્રો/જિલ્લા વહીવટીતંત્રોએ ખાતરી કરવી જોઈશે કે કચેરીઓ, કાર્યસ્થળો, કારખાના અને સંસ્થાઓમાં સામાજિક અંતરના સંબંધમાં તમામ પ્રાથમિક વ્યવસ્થાઓ થઈ ગઈ છે અને ક્ષેત્રવાર જરૂરિયાતોની પણ વ્યવસ્થા છે તેની ખાતરી કરવી જોઈશે. આ છૂટછાટોને સમાવિષ્ટ કરતી સંકલિત સુધારેલી માર્ગદર્શિકા આ સાથે જોડેલી છે;

સંકલિત સુધારેલી માર્ગદર્શિકા, રાજ્યો/ સંઘ રાજ્યક્ષેત્રો/ જિલ્લા વહીવટી તંત્રો દ્વારા સીમાંકિત કરેલા નિયંત્રણ ક્ષેત્રોમાં લાગુ પડશે નહિ. જો (કોરોનાને ડામવા માટેના)નિયંત્રિત ક્ષેત્રની શ્રેણીમાં કોઈ નવા વિસ્તારનો સમાવેશ થાય છે તો, નિયંત્રિત ક્ષેત્ર તરીકે તેના વર્ગી- કરણના સમય સુધી આ વિસ્તારમાં પરવાનગીપાત્ર પ્રવૃત્તિઓને રદ કરવામાં આવશે, જેમાં ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની માર્ગદર્શિકાઓ હેઠળ વિશિષ્ટરૂપે પરવાનગી આપવામાં આવેલી પ્રવૃત્તિઓ અપવાદરૂપ રહેશે;

આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫-ની કલમ ૧૦(૨)(ટ)મળેલી સત્તાની રૂએ, આથી, રાષ્ટ્રીય કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકેની ક્ષમતાથી નીચે સહી કરનાર, આથી, આ સાથે જોડેલી સંકલિત સુધારેલી માર્ગદર્શિકાના ચુસ્ત અમલીકરણ માટે ભારત સરકારના તમામ મંત્રાલયો/વિભાગો, રાજ્ય/સંઘ રાજ્યક્ષેત્રની સરકારો અને રાજ્ય/સંઘ રાજ્યક્ષેત્રના સત્તામંડળોને સૂચનો આપે છે.

કેન્દ્રીય ગૃહ સચિવ

પ્રતિ:

૧. ભારત સરકારના મંત્રાલયો/વિભાગોના સચિવો.

૨. રાજ્યો/સંઘ રાજ્યક્ષેત્રોના મુખ્ય સચિવો/વહીવટકર્તાઓ (જોડેલી યાદી મુજબ)

નકલ રવાના:

૧. રાષ્ટ્રીય કારોબારી સમિતિના તમામ સભ્યો.

૨. સભ્ય સચિવ, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ.

**દેશમાં કોવિડ-૧૯ના રોગચાળાને અટકાવવા માટે ભારત સરકારના તમામ મંત્રાલયો/વિભાગો, રાજ્ય/સંઘ રાજ્યક્ષેત્રની સરકારો અને રાજ્ય/સંઘ રાજ્યક્ષેત્રના સત્તામંડળો દ્વારા લેવામાં આવતા પગલાં પર સંકલિત સુધારેલી માર્ગદર્શિકા**

**[ગૃહ મંત્રાલયના તારીખ ૧૫-મી એપ્રિલ, ૨૦૨૦ના હુકમ ક્રમાંક. ૪૦-૩/૨૦૨૦-ડીએમ-આઈ(એ) મુજબ]**

**૧. લોકડાઉનનો સમયગાળો લંબાવવાની સાથે, ૩જી મે, ૨૦૨૦સુધી સમગ્ર દેશમાં નીચેની પ્રવૃત્તિઓ પ્રતિબંધિત હોવાનું ચાલુ રહેશે.**

૧. ફકરા ૪(૯)માં જણાવેલ હેતુઓ માટે અને સુરક્ષા ઉદ્દેશો સિવાય મુસાફરો માટેની તમામ ઘરેલું અને આંતરરાષ્ટ્રીય હવાઈ યાત્રા.

૨. સુરક્ષા ઉદ્દેશો સિવાય ટ્રેઈન મારફત તમામ મુસાફરની અવરજવર.

૩. જાહેર પરિવહન માટેની બસો.

૪. મેટ્રો રેલ સેવાઓ.

૫. આ માર્ગદર્શિકા હેઠળ પરવાનગી આપવામાં આવી હોય તેવી પ્રવૃત્તિઓ માટે અથવા તબીબી કારણો સિવાય વ્યક્તિઓની આંતર-જિલ્લા અને આંતરરાજ્ય અવરજવર.

૬. તમામ શૈક્ષણિક, તાલીમ, કોચિંગ સંસ્થાઓ વગેરે બંધ રહેશે.

૭. આ માર્ગદર્શિકા હેઠળ વિશિષ્ટ રીતે પરવાનગી આપવામાં આવી હોય તે સિવાયની તમામ ઔદ્યોગિક અને વાણિજ્યિક પ્રવૃત્તિઓ.

૮. આ માર્ગદર્શિકા હેઠળ વિશિષ્ટ રીતે પરવાનગી આપવામાં આવી હોય તે સિવાયની આતિથ્ય સેવાઓ.

૯. ટેક્સી (ઓટો રિક્શા અને સાઈકલ રિક્શા સહિત) અને કેબ એગ્રીગેટરની સેવાઓ.

૧૦. તમામ સિનેમા હોલ, મોલ, શોપિંગ કોમ્પ્લેક્સ, જીમ્નેસિયમ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સ્વિમિંગ પુલ, મનોરંજન પાર્ક, થિયેટર, બાર અને ઓડિટોરિયમ, સભા ખંડો અને સમાન સ્થળો.

૧૧. તમામ સામાજિક/ રાજકીય/ રમતગમત/ મનોરંજન/ શૈક્ષણિક/ સાંસ્કૃતિક/ ધાર્મિક કાર્યક્રમો/ અન્ય સંમેલનો.

૧૨. તમામ ધાર્મિક સ્થળો/ પૂજા સ્થળો પ્રજા માટે બંધ રહેશે. ધાર્મિક મેળાવડા પર ચુસ્ત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

૧૩. અંતિમ વિધિના કિસ્સામાં, વીસથી વધુ વ્યક્તિઓને એકત્રિત થવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

**૨. હોટસ્પોટ અને રોગને ફેલાતો અટકાવવા માટેના નિયંત્રિત ઝોનમાં માર્ગદર્શિકાની કામગીરી**

૧. ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા કાઢી આપવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ'હોટસ્પોટ'એટલે કે કોવિડ-૧૯ની મોટાપાયે મહામારી ફેલાયેલી હોય તેવા વિસ્તારો અથવા કોવિડ-૧૯નો નોંધપાત્ર ફેલાવો ધરાવતા ક્લસ્ટર તરીકે નક્કી કરવામાં આવશે.

૨. આ હોટસ્પોટમાં, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ રાજ્યો/ સંઘ રાજ્યક્ષેત્રો/ જિલ્લા વહીવટકર્તાઓ દ્વારા નિયંત્રિત ક્ષેત્રો સીમાંકિત કરવામાં આવશે.

૩. આ નિયંત્રિત ક્ષેત્રોમાં, આ માર્ગદર્શિકા હેઠળની મંજૂર કરવામાં આવેલી પ્રવૃત્તિઓને પરવાનગી આપવામાં આવશે નહિ. આવશ્યક સેવાઓ (તબીબી કટોકટી તેમજ કાયદા અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી કારોબારના સાતત્યની જાળવણી સિવાય આ ક્ષેત્રોમાંની વસ્તીનીચકાસ્યા વગરની અંદરની તરફ/ બહારની તરફ કોઈ અવરજવર નથી

તે સુનિશ્ચિત કરવા માટે નિયંત્રિત ક્ષેત્રોના વિસ્તારમાં ચુસ્ત સીમા નિયંત્રણ રહેશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આ સંદર્ભે બહાર પાડેલી માર્ગદર્શિકાનો રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર અને સ્થાનિક જિલ્લા સત્તામંડળો દ્વારા અમલ કરવાનો રહેશે.

**૩. ૨૦મી મે, ૨૦૨૦થી અમલમાં આવે તેમ મંજૂર કરવામાં આવેલી અમુક પરવાનગીપાત્ર પ્રવૃત્તિઓ:**

૧. પ્રજાની હાડમારી ઓછી કરવા માટે, અમુક વધારાની પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવી છે કે જે ૨૦મી એપ્રિલ, ૨૦૨૦થી અમલમાં આવશે. જો કે, વિદ્યમાન માર્ગદર્શિકાના ચુસ્ત પાલનના આધારે રાજ્યો/સંઘ રાજ્યક્ષેત્રો/જિલ્લા વહીવટીતંત્રો દ્વારા આવા મર્યાદિત મુક્તિ કાર્યરત કરવામાં આવશે. તદુપરાંત, આ છૂટછાટોના અમલ પહેલા, રાજ્યો/ સંઘ રાજ્યક્ષેત્રો/જિલ્લા વહીવટીતંત્રોએ ખાતરી કરવી જોઈશે કે કચેરીઓ, કાર્યસ્થળો, કારખાના અને સંસ્થાઓમાં સામાજિક અંતર માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી)ના સંબંધમાં તમામ પ્રાથમિક વ્યવસ્થાઓ થઈ ગઈ છે અને ક્ષેત્રવાર જરૂરિયાતોની પણ વ્યવસ્થા છે તેની ખાતરી કરવી જોઈશે.

**૨. આ પસંદગીની પરવાનગી આપેલી પ્રવૃત્તિઓ ધરાવતી સંકલિત સુધારેલી માર્ગદર્શિકાનો ઉલ્લેખ નીચે ફકરા ૫-૨૦માં કરવામાં આવ્યો છે.**

**૪. લોકડાઉન માર્ગદર્શિકાની કડક અમલબજવણી**

૧. રાજ્ય/સંઘ રાજ્યક્ષેત્ર સરકારો કોઈપણ રીતે આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ હેઠળ કાઢી આપવામાં આવેલી માર્ગદર્શિકામાં છૂટછાટ નહિ લે અને તેનો ચુસ્તપણે અમલ કરશે.
૨. રાજ્ય/સંઘ રાજ્યક્ષેત્ર સરકારો, જો કે, સ્થાનિક વિસ્તારોની જરૂરરિયાત મુજબ આ માર્ગદર્શિકાઓ કરતા વધુ કડક પગલાં લાદી શકે છે.

**૫. તમામ આરોગ્ય સેવાઓ (આયુષ સહિત) કાર્યરત રહેશે, જેમ કે:**
૧. હોસ્પિટલ, નર્સિંગ હોમ, ક્લિનિક, ટેલિમેડિસિન સુવિધાઓ.
૨. દવાખાના, કેમિસ્ટ, ફાર્મસી, જન ઔષધી કેન્દ્ર સહિતની તમામ દવાની દુકાનો અને તબીબી ઉપકરણની દુકાનો.
૩. તબીબી પ્રયોગશાળાઓ અને સંગ્રહ કેન્દ્રો.

૪. કોવિડ-૧૯સંબંધિત સંશોધન હાથ ધરી રહેલી ફાર્માસ્યુટિકલ અને તબીબી સંશોધન પ્રયોગશાળાઓ, સંસ્થાઓ.

૫. પશુચિકિત્સા હોસ્પિટલો, દવાખાનાં, ક્લિનિક, પેથોલોજી લેબ, રસી અને દવાઓના વેચાણ અને પુરવઠા.

૬. અધિકૃત ખાનગી સંસ્થાઓ, કે જે આવશ્યક સેવાઓની જોગવાઈમાં સહાય કરતી હોય અથવા કોવિડ-૧૯ને અટકાવવા માટે પ્રયત્નશીલ હોય, જેમાં ઘરે સંભાળ પૂરી પાડનારા, રોગનિદાન કરનારા, હોસ્પિટલમાં સેવા આપતી પુરવઠા શૃંખલાની પેઢીઓ(સપ્લાય ચેઇન ફર્મ)નો સમાવેશ થાય છે.

૭. દવાઓ, ફાર્માસ્યુટિકલ્સ, તબીબી સાધનો, મેડિકલ ઓક્સિજનના ઉત્પાદન એકમો, તેમની પેકેજિંગ માલસામગ્રી, રો મટિરિયલ (કાચી માલસામગ્રી) અને મધ્યસ્થીઓ.

૮. એમ્બ્યુલન્સના નિર્માતાઓ સહિત તબીબી/ આરોગ્ય આંતરમાળખાકીય સુવિધાનું બાંધકામ.

૯. તમામ તબીબી અને પશુચિકિત્સા કર્મચારીઓ, વૈજ્ઞાનિકો, નર્સ, પેટા-મેડિકલ સ્ટાફ, લેબ ટેકનિશિયન, દાયણ અને અન્ય હોસ્પિટલ સહાય સેવાઓ સહિત એમ્બ્યુલન્સની અવરજવર (આંતરરાજ્ય અને રાજયાંતર્ગત, હવાઈ મુસાફરી સહિત).

**૬. કૃષિ અને સંબંધિત પ્રવૃત્તિઓ:**

**ક.<u>તમામ કૃષિ અને બાગાયતી પ્રવૃત્તિઓ કાર્યરત રહેશે, જેમ કે:</u>**

૧. ખેતરમાં ખેડૂતો અને ખેત કામદારો દ્વારા ખેતીની કામગીરી.

૨. એમએસપીની કામગીરી સહિત કૃષિ પેદાશોની પ્રાપ્તિમાં સંકળાયેલી એજન્સીઓ.

૩. કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ (APMC) દ્વારા સંચાલિત અથવા રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર દ્વારા જાહેર કરેલી 'મંડી'(ઉદાહરણ તરીકે સેટેલાઇટ મંડી). ખેડૂતો/ ખેડૂતોના જૂથો, એફપીઓ-ની સહકારી મંડળી વગેરે પાસેથી લઈ રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર અથવા ઉદ્યોગજગત દ્વારા સીધા વેચાણની કામગીરી. રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર, ગ્રામીણ કક્ષાએ વિકેન્દ્રીકૃત ખરીદ-વેચાણ અને પ્રાપ્તિને ઉત્તેજન આપી શકશે.

૪. કૃષિનાં મશીનો, તેના સ્પેરપાર્ટ્સ (તેની સ્પ્લાય ચેન સહિત) અને તેની મરામત (રીપેરિંગ) ની દુકાનો ખુલ્લી રહેશે.

૫. ખેત યંત્રસામગ્રી (મશીનરી) સંબંધિત 'કસ્ટમ હાયરિંગ મશીન (સીએચસી)'.

૬.ખાતરો, કીટનાશકો અને બિયારણોનુંઉત્પાદન, વિતરણ અનેછૂટક વેપાર.

૭. કાપણી અને વાવણી સંબંધિત મશીનો જેવા કે કમ્બાઇન્ડ હાર્વેસ્ટર અને બીજા કૃષિ /બાગાયતી સાધનોની (આંતરિક અને આંતર રાજ્ય) હેરફેર.

**ખ. <u>મત્સ્યોદ્યોગને લગતી-નીચેની પ્રવૃત્તિઓ કાર્યરત રહેશે:</u>**

૧. ખોરાક અને નિભાવણી, લણણી, પ્રોસેસિંગ, પેકેજિંગ, કોલ્ડ ચેન, વેચાણ અને માર્કેટિંગ સહિતના માછીમારી(**મરીન અને ઇનલેન્ડ**)/ જળચર ઉદ્યોગને લગતા કામકાજ.

૨. ઇંડાસેવન ગૃહ, ફીડ પ્લાન્ટ્સ, વાણિજ્યિક જળચરગૃહ.

૩. માછલી/ઝીંગા અને માછલીની બનાવટો, માછલીનાં સીડ/ખોરાક અને આ તમામ પ્રવૃતિઓ માટેના કામદારોની હેરફેર.

**ગ.<u>બગીચાઓ(પ્લાન્ટેશન)ને લગતી-નીચેની પ્રવૃતિઓ કાર્યરત રહેશે:</u>**

૧. વધુમાં વધુ ૫૦% કામદારો સાથે, ચા, કોફી અને રબરનું વાવેતરનું કામકાજ.

૨. વધુમાં વધુ ૫૦% કામદારો સાથે, ચા, કોફી, રબર અને કાજુનું પ્રોસેસિંગ, પેકેજિંગ, વેચાણ અને માર્કેટિંગ(વેપાર).

**ઘ. <u>પશુધનને લગતી - નીચેની પ્રવૃતિઓ કાર્યરત રહેશે:</u>**

૧. દૂધ પ્રોસેસ કરતા પ્લાન્ટોને દૂધ અને દૂધની બનાવટોના પરિવહન અને સપ્લાય ચેન સહિત,સંગ્રહ, પ્રક્રિયા, વિતરણ અને વેચાણ કરવું.

૨. મરઘાં(પોલ્ટ્રી) ફાર્મ્સ અને ઇંડાસેવન ગૃહ અને પશુધન ઉછેર (લાઇવસ્ટોક ફાર્મિંગ)ની પ્રવૃતિ સહિતના પશુધન ફાર્મના કામકાજ.

3. મકાઇ અને સોયા જેવા કાચામાલના પુરવઠા સહિત પશુ દાણનાંઉત્પાદનનાં અને દાણ(ચારો)નાં પ્લાન્ટ.

૪. ગૌશાળાઓ સહિત પશુઓનાં આશ્રયગૃહોનાં કામકાજ.

**૭. નાણાંકીય ક્ષેત્રને લગતી: નીચેની પ્રવૃતિઓ કાર્યરત રહેશે:**

૧. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) અને આરબીઆઇ દ્વારા નિયમન થતા નાણાંકીય બજારો અને એનપીસીઆઇ, સીસીઆઇએલ, ચુકવણી પદ્ધતિ (પેમેન્ટ સિસ્ટમ)ના ઓપરેટરો જેવી સંસ્થાઓ અને સ્વતંત્ર પ્રાથમિક વેપારીઓ (પ્રાયમરીડિલરો).

૨. બેંકની શાખાઓ અને એટીએમ, બેકિંગના કામકાજ માટેના આઇટીના વિક્રેતાઓ, બેંકિંગ કૉરિસ્પોન્ડન્ટ્સ(બીસી), એટીએમના કામકાજ અને રોકડ સંચાલન (કેશ મેનેજમેન્ટ)ની એજન્સીઓ.

**ક.** ડીબીટી કેશ ટ્રાન્સફર(રોકડ તબદીલી) ની ચુકવણી પૂરી થાય ત્યાં સુધી,બેંકની શાખાઓને સામાન્ય કામકાજના કલાકો પ્રમાણે કામ કરવાની પરવાનગી રહેશે.

**ખ.**બેંકની શાખાઓ ખાતે પૂરતા સિક્યુરિટી(સલામતી જાળવનારા)નાં વ્યક્તિઓ પૂરાં પાડવા માટે સ્થાનિક સંચાલન અને સામાજિક અંતર, કાયદો અને વ્યવસ્થા અને ખાતાંધારકો વારાફરતી લાઇનમાં આવે તે જાળવવા માટે બીસી.

૩. સેબી(એસઇબીઆઇ), અને સિક્યુરીટીઝ અને એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) એ જાહેર કરેલ કેપિટલ અને ડેબ્ટ માર્કેટ (મૂડીગત અને ઋણ બજારો) ની સેવાઓ.

૪. આઇઆરડીએઆઇ અને વીમા કંપનીઓ.

**૮.સામાજિક ક્ષેત્રને લગતા: નીચેનાં કાર્યરત રહેશે:**

૧. બાળ/ અશક્તો/ માનસિક અશક્તો/ સિનિયર સિટિઝન(વયસ્ક વ્યકતિઓ / અનાથો/ મહિલાઓ/ વિધવાઓના ગૃહોનાં કામકાજ.

૨. દેખરેખનાં ગૃહો, અનુસંભાળ ગૃહો અને બાળકિશોરો માટેની સુરક્ષાનાં સ્થળો.

૩. વૃદ્ધ/ વિધવા/ ફ્રિડમ ફાઇટર (સ્વાતંત્ર્ય સેનાની પેન્શન; વગેરે સોશિયલ સિક્યુરીટિ(સામાજિક સુરક્ષા) પેન્શનની ચુકવણી; એમ્પ્લોઇઝ (કર્મચારી) પ્રોવિડેન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન (સંસ્થા) (ઈપીએફઓ) દ્વારા પૂરી પડાતી પેન્શન અને પ્રોવિડેન્ટ ફંડની સેવાઓ.

૪. અંગણવાડીઓનું કામકાજ –બાળકો, મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓ વગેરે લાભાર્થીઓને દરવાજે-દરવાજે જઇ ૧૫ દિવસમાં એક વખત ખાદ્ય વસ્તુઓનુંઅને ખોરાકનું વિતરણ કરવું. લાભાર્થીઓએ આંગણવાડીઓએ આવવાનું નથી.

**૯. ઓનલાઇનશિક્ષણ/ ડિસ્ટન્સ લર્નિંગને પ્રોત્સાહન**

૧. તમામ શૈક્ષણિક સંસ્થાઓ, તાલીમ, કોચિંગ સંસ્થાઓ વગેરે બંધ રહેશે.

૨. તેમછતાં, આ સંસ્થાઓ ઓનલોઇન શિક્ષણ મારફતે શૈક્ષણિક કાર્યક્રમ (એકેડેમિક શીડ્યુલ) નિભાવે તે અપેક્ષિત છે.

૩. દૂરદર્શન અને શૈક્ષણિક હેતુઓ માટે અન્ય શૈક્ષણિક ચેનલોનો વધુમાં વધુ ઉપયોગ કરવો.

**૧૦.મનરેગા(એમએનઆરઇજીએ)નાં કામને પરવાનગી:**

૧. સામાજિક અંતર અને ફેસ માસ્કના કડક પાલન સાથે મનરેગાનું કામ ચાલુ રહેશે.

૨. મનરેગા હેઠળ સિંચાઇ અને જળ સંવર્ધનના કામોને અગ્રતા આપવામાં આવશે.

૩ સિંચાઇ અને જળ સંવર્ધનના ક્ષેત્રોમાં, અન્ય કેન્દ્રીય અને રાજ્ય ક્ષેત્રની યોજનાઓનો અમલ કરવાની પણ પરવાનગી આપી શકાશે અને **મનરેગાના કામ સાથે યોગ્ય રીતે સંકલન કરી** શકાશે.

**૧૧. જાહેર ઉપયોગિતાને લગતા: નીચેનાં કાર્યરત રહેશે:**

૧. રિફાઇનિંગ, પરિવહન, વિતરણ, સંગ્રહ અને પેટ્રોલ, ડિઝલ, કેરોસીન, સીએનજી, એલપીજી, પીએનજી વગેરે જેવીપેદાશોનું છૂટક વેચાણ સહિતના ઓઇલ અને ગેસ સેક્ટરનાં કામકાજ.

૨. કેન્દ્ર અને રાજ્ય/યુટીનાં સ્તરે પાવર જનરેશન(વીજ ઉત્પાદન), ટ્રાન્સમિશન (પ્રવહન) અને વિતરણ.

૩. પોસ્ટ ઓફિસો સહિતની પોસ્ટલ (ટપાલ) સેવાઓ.

૪. રાજ્યો અને યુટીમાં મ્યુનિસિપલ/સ્થાનિક બોર્ડની કક્ષાએ પાણી, સેનિટેશનવેસ્ટ મેનેજમેન્ટ સેક્ટરો (આરોગ્ય સંબંધી કચરા વ્યવસ્થાપન ક્ષેત્રો) ની ઉપયોગિતાનાં કામકાજ.

૫. ટેલિકમ્યુનિકેશન અને ઇન્ટરનેટ સેવાઓ આપતી ઉપયોગિતાનાં કામકાજ.

**૧૨. હેરફેર, ,માલ ભરવો/ખાલી કરવો/ કાર્ગો (આંતરિક અને આંતર રાજ્ય)ને નીચે મુજબની મંજૂરી:**

૧.માલની હેરફેર કરતા તમામ વાહનોની અવરજવરને મંજૂરી આપી શકાશે.

૨. રેલવેના કામકાજ: માલ અને પાર્સલ ટ્રેનોનું પરિવહન

૩. હવાઇમથકોનાં અને કાર્ગો (માલ) હેરફેર, બદલી અને ખસેડવા માટે હવાઇ પરિવહન માટેની સંબંધિત સગવડોનાં કામકાજ.

૪. અધિકૃત કસ્ટમ ક્લિઅરિંગ(સીમાશુલ્કની ચુકવણી) અને ફોરવર્ડિંગ એજન્ટો સહિત કાર્ગો હેરફેર માટે દરિયાઇ બંદરો અને ઇનલેન્ડ કન્ટેનર ડેપો (આઇસીડી)નાં કામકાજ.

૫.પેટ્રોલિયમ પેદાશો અને એલપીજી, ફુડ પ્રોડક્ટ્સ (ખાદ્ય પેદાશો), મેડિકલ સપ્લાય (વીજ પુરવઠો) સહિતની આવશ્યક ચીજવસ્તુઓની ક્રોસ લેન્ડ બોર્ડર હેરફેર માટે લેન્ડ પોર્ટ્સનાં કામકાજ.

૬.ડ્રાઇવર, માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતો હોવો જોઇશે, તે શરતને અધીન રહીને, બે ડ્રાઇવરો અને એક હેલ્પર(મદદનીશ) સાથેતમામ ટ્રકો અને અન્ય માલ/ કેરિયર(માલવાહક) વાહનોની હેરફેર; ખાલી ટ્રક/વાહનને માલની ડિલિવરી(સોંપણી) પછી, અથવા માલ લેવા માટે અવરજવરની મંજૂરી રહેશે.

૭.રાજ્ય/યુટી (સંઘ રાજ્યક્ષેત્ર) સત્તામંડળે ઠરાવ્યા મુજબનું ઓછામાં ઓછું નિયત અંતર સાથે, ટ્રકની મરામત(રિપેર) કરવાની દુકાનો અને હાઇવે પરનાં ઢાબાઓ.

૮.રેલવે, હવાઇમથકો/એર કેરિયર(હવાઇ માલવાહક), દરિયાઇ બંદરો/ જહાજ/ વહાણ, લેન્ડપોર્ટ અને આઇસીડીઓનાં કામકાજ માટેના સ્ટાફને અને કરારી મજૂરને, રેલવે, હવાઇમથકો, દરિયાઇ બંદરો, લેન્ડપોર્ટનાં સંબંધિત મુકરર સત્તાધિકારીએ બહાર પાડેલ અધિકૃતતાના આધારે સ્થાનિક સત્તામંડળે આપેલ પાસથી,અવરજવરની મંજૂરી આપવામાં આવશે.

**૧૩. નીચે મુજબ, આવશ્યક ચીજવસ્તુઓનાંપુરવઠા(સપ્લાય)ની છૂટ:**

૧.માલનાં મેન્યુફેક્ચરિંગ(ઉત્પાદન)માં, જથ્થાંબંધ અથવા સ્થાનિક સ્ટોર, વિશાળબ્રિક અથવા મોર્ટર સ્ટોર અથવા ઇ-કોમર્સ કંપનીઓ મારફતે છૂટક વેચાણમાં સંકળાયેલ હોય તો પણ, તેનાં ખુલવાં અને બંધ થવાના સમયના નિયંત્રણ વિના, કડક સામાજિક અંતરની ખાતરી સાથે, આવશ્યક ચીજવસ્તુઓની સપ્લાય ચેનમાં સમાવિષ્ટ તમામ સુવિધાઓ માટે મંજૂરી રહેશે.

૨.દુકાનો(આવશ્યક ચીજવસ્તુઓ વેચતી કિરાણા અને સિંગલ દુકાન) અને રેશનની (પીડીએસ હેઠળ)દુકાનો સહિત,કાર્ટ, ફુડ અને ગ્રોસરીનું કામ કરતી (રોજનાં ઉપયોગ માટે)ની દુકાનો, હાઇજીન (આરોગ્યલક્ષી) વસ્તુઓ, ફળો અને શાકભાજીઓ, ડેરી અને દૂધનાં કેન્દ્રો, પોલ્ટ્રી(મરઘાં ઉછેર), માંસ અને મચ્છી, પશુદાણ અને ઘાસચારો વગેરેની દુકાનોને, તેનાં ખુલવાં અને બંધ થવાના સમયના નિયંત્રણ વિના, કડક સામાજિક અંતરની ખાતરી સાથે છૂટ રહેશે.

૩. જિલ્લા સત્તાધિકારીઓ, વ્યક્તિઓની અવરજવર તેમના ઘરની બહાર ન્યૂનતમ થાય તે માટે, હોમ ડિલિવરીને ઉત્તેજન આપી શક્શે અને તેને સુગમ કરી શકશે.

**૧૪. નીચે જણાવેલ વાણિજ્યિક અને ખાનગી સંસ્થાઓને ચાલુ રાખવાની છૂટ રહેશે:**

૧.બ્રોડકાસ્ટિંગ (પ્રસારણ) , ડીટીએચ અને કેબલ સેવાઓ (સર્વિસીસ) સહિતનાં પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડીયા.

૨.૫૦% માણસોથી,આઇટી અને આઇટીથી ચાલતી સેવાઓ.

૩. સરકારી પ્રવૃતિઓ માટે જ માત્ર ડેટા અને કોલ સેન્ટરો.

૪.ગ્રામ પંચાયત સ્તરે સરકારી મંજૂરીથી ચાલતાં સામાન્ય સેવા કેન્દ્રો (સીએસસી).

૫.ઇ-કોમર્સ કંપનીઓ. જરૂરી પરવાનગીઓ સાથે ઇ-કોમર્સ ઓપરેટરોના વાહનોને અવરજવર માટે છૂટ.

૬.કુરિઅર સેવાઓ.

૭.બંદરો, હવાઇમથકો, રેલવે સ્ટેશનો, કન્ટેનર ડેપો, વ્યક્તિગત એકમો અને લોજિસ્ટિક ચેનમાંની અન્ય લિંકો ખાતેની, કોલ્ડ સ્ટોરેજ(શીતાગાર) અને વેરહાઉસિંગ(વખાર)ની સેવાઓ.

૮.કચેરી અને રહેણાકનાં સંકુલોની નિભાવણી અને સારી હાલતમાં રાખવા માટે ખાનગી સિક્યુરીટી(સલામતી) સેવાઓ અને સુવિધા મેનેજમેન્ટ સેવાઓ.

૯.પ્રવાસીઓ અને લોકડાઉનનાં કારણે ફસાયેલાં વ્યક્તિઓને રહેવાની સગવડ આપતી હોટલો, હોમસ્ટે, લોજ અને મોટેલો, મેડિકલ (તબીબી) અને સંકટકાલીન સ્ટાફ, હવાઇ અને સમુદ્રી ક્રુ(સભ્યો).

૧૦.ક્વોરન્ટીન સગવડો માટે ઉપયોગ કરવાના/અંકિત કરેલી સંસ્થાઓ.

૧૧.ઇલેક્ટ્રીશિયન, આઇટી રિપેરિંગવાળાં, પ્લમ્બરો, મોટર મિકેનીક અને સુથારો જેવી સેવાઓ પૂરી પાડતાં સ્વ-રોજગારીવાળાં વ્યક્તિઓ.

**૧૫. નીચે મુજબની ઔદ્યોગિક /ઔદ્યોગિક સંસ્થાઓ(સરકારી અને ખાનગી બન્ને)ને છૂટ રહેશે:**

૧.મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઓ(નગરપાલિકા)ની હદોની બહાર, ગ્રામ્ય વિસ્તારમાં કામ કરતા ઉદ્યોગો.

૨.સ્પેશિઅલ ઇકોનોમિક(ખાસ આર્થિક) ઝોન (સેઝ) અને એક્સપોર્ટ ઓરિએન્ટેડ યુનિટ (ઇઓયુ), ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને ઔદ્યોગિક ટાઉનશીપ(નગર વસાહત) માં નિયંત્રણ ધરાવતી, મેન્યુફેક્ચરિંગ(ઉત્પાદન) અને અન્ય ઔદ્યોગિક સંસ્થાઓ. નીચેના પરિચ્છેદ ૨૧ (૨)માં ઉલ્લેખ કર્યા મુજબ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોટોકોલનું પાલન કરીને, આ સંસ્થાઓ શક્ય હોય ત્યાં સુધી તેઓની જગ્યાએ અને/ નજીકના મકાનોમાં, કામદારોને રહેવાની વ્યવસ્થા કરશે. કામે રાખનારાંએકામદારોની કામનાં સ્થળ સુધી અવરજવર માટે, સામાજિક અંતરની ખાતરી કરીને, યોગ્ય વાહનની વ્યવસ્થા કરવી જોઇશે.

૩.દવાઓ, ફાર્માસ્યુટીકલ્સ, મેડિકલ ઉપકરણો, તેનો કાચો માલ અને વચ્ચેની વસ્તુઓ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનાં મેન્યુફેક્ચરિંગ(ઉત્પાદન) એકમો.

૪.મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઓ(નગરપાલિકા)ની હદોની બહાર, ગ્રામ્ય વિસ્તારમાં ફુડ પ્રોસેસિંગ (ખાદ્ય પ્રક્રિયાગત) ઉદ્યોગો.

૫.જેનેસતત પ્રક્રિયા, અને તેઓની સપ્લાય ચેનની જરૂર હોય તેવાઉત્પાદન એકમો.

૬.આઇટી હાર્ડવેરનું મેન્યુફેક્ચરિંગ(ઉત્પાદન).

૭.કોલસાનું ઉત્પાદન, ખાણ અને ખનીજનું ઉત્પાદન, તેનું પરિવહન, સ્ફોટક પદાર્થોનો પુરવઠો (સપ્લાય) અને ખનનનાં કામકાજને લગતી પ્રવૃતિઓ.

૮.પેકેજિંગ માલસામાનનાં મેન્યુફેક્ચરિંગ(ઉત્પાદન)નાં એકમો.

૯.વારાફરતીની પાળીઓ અને સામાજિક અંતર સાથે, શણ ઉદ્યોગો.

૧૦.ઓઇલ અને ગેસ એક્સ્પ્લોરેશન/રિફાઇનરી.
૧૧.મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઓ(નગરપાલિકા)ની હદોની બહાર, ગ્રામ્ય વિસ્તારમાં ઇંટોની ભઠ્ઠીઓ.

**૧૬. નીચે જણાવેલ બાંધકામની પ્રવૃતિઓને છૂટ રહેશે:**
૧.મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઓ(નગરપાલિકા)ની હદોની બહાર, ગ્રામ્ય વિસ્તારમાં એમએસએમઇ સહિત રોડનું બાંધકામ, સિંચાઇનાં પ્રોજેક્ટો(પરિયોજના), મકાનોનું બાંધકામ અને ઔદ્યોગિક પ્રોજેક્ટો; અને ઔદ્યોગિક એસ્ટેટમાં તમામ પ્રકારના પ્રોજેક્ટો.
૨.રિન્યુએબલ એનર્જિ(નવીકરણપાત્ર ઊર્જા) પ્રોજેક્ટ્સનું બાંધકામ (રચના).
૩.મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઓ(નગરપાલિકા) ની હદોમાં, બાંધકામનાં ચાલુ પ્રોજેક્ટો, જ્યાં સ્થળ પર કામદારો હાજર હોય અને બહારથી કોઇ કામદારો લાવવાની જરૂર ન હોય (મૂળ સ્થાન પરના બાંધકામ (કન્સ્ટ્રક્શન) ).

**૧૭. નીચેના કિસ્સામાં વ્યક્તિઓને અવરજવરની છૂટ:**
૧. મેડિકલ (તબીબી) અને વેટરનરી કેર (પશુ આરોગ્ય સંભાળ) સહિતનીસંકટકાલીન સેવાઓ અને આવશ્યક ચીજવસ્તુઓ મેળવવા માટે ખાનગી વાહનો. તેવા કિસ્સામાં, ચાર પૈડાંવાળાં વાહનોનાં કિસ્સામાં, ખાનગી વાહનનાં ડ્રાઇવર ઉપરાંત, પાછળની સીટમાં એક મુસાફર સાથે પરવાનગી મળી શકે છે; તેમ છતાં, દ્રિચક્રી વાહનોના કિસ્સામાં, વાહનનાં ડ્રાઇવરને જ છૂટ આપવામાં આવશે.
૨. રાજ્ય/સંઘ રાજ્યક્ષેત્રના સત્તામંડળની સૂચના મુજબ મુક્તિ આપેલી કક્ષામાં કામના સ્થળે જતા અને પાછા ફરતા તમામ કર્મચારીવર્ગ.

**૧૮. નીચે જણાવ્યા મુજબની ભારત સરકારની કચેરીઓ, તેની સ્વાયત્ત/તાબાની કચેરીઓ ખુલ્લી રહેશે:**
૧. સંરક્ષણ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, આપત્તિ વ્યવસ્થાપન અને અગાઉથી ચેતવણી આપતી એજન્સી )IMD, INCOIS, SASE અને નેશનલ સેન્ટર ઓફ સિસ્મોલોજી(ધરતીકંપ વિજ્ઞાનનું રાષ્ટ્રીય કેન્દ્ર), CWC), નેશનલ ઇન્ફોર્મેટીક સેન્ટર (NIC), ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (FCI), NCC, નહેરુ યુવા કેન્દ્ર (NYKs) અને કસ્ટમ કોઇપણ નિયંત્રણ વિના કાર્ય કરશે .

૨. અન્ય મંત્રાલયો અને વિભાગો અને તેમના નિયંત્રણ હેઠળની કચેરીઓ, નાયબ સચિવ અને તેની ઉપરની કક્ષાના અધિકારીઓની ૧૦૦બાકીના અધિકારીઓ .હાજરીથી કાર્ય કરશે %ટ કર્મચારીવર્ગને જરૂરીયાત મ અને્ુજબ ૩૩ .સુધીની સંખ્યામાં ઉપસ્થિત થવાનું રહેશે %

**૧૯. રાજ્યસંઘરાજ્ય ક્ષેત્રની સરકારોની કચેરીઓ/, તેની સ્વાયત્ત સંસ્થાઓ અને સ્થાનિક સરકારો નીચે જણાવ્યા મુજબ ખુલ્લી રહેશે :**

૧. પોલીસ, હોમ ગાર્ડ, નાગરિક સંરક્ષણ, અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ, આપત્તિવ્યવસ્થાપન, જેલ અને મ્યુનિસિપલ સેવાઓ કોઇ નિયંત્રણો વિના કાર્ય કરશે.

૨. રાજ્ય/સંઘરાજ્ય ક્ષેત્રની સરકારોના તમામ બીજા વિભાગો નિયંત્રિત સ્ટાફ સાથે કાર્ય કરશે. ગૃપ 'એ' અને 'બી'ના અધિકારીઓ જરૂરીયત મુજ્બ ઉપસ્થિત રહી શકશે. ગૃપ સી અને તેની નીચેની કક્ષાના કર્મચારીઓ કુલ સંખ્યાબળના ૩૩% સુધી જરૂરીયાત મુજબ હાજર રહી શકશે. જેથી સામાજિક અંતર સુનિશ્ચિત કરી શકાય. તેમ છતાં, જાહેર સેવાઓની સોંપણી સુનિશ્ચિત કરવી જોઇશે અને જરૂરી સ્ટાફને આવા હેતુ માટે કામે રાખવામાં આવશે.

૩. જિલ્લા વહીવટ અને તિજોરી (એકાઉન્ટન્ટ જનરલની ક્ષેત્રીય કચેરીઓ સહિત) નિયંત્રિત સ્ટાફ સાથે કાર્ય કરશે. તેમ છતાં, જાહેર સેવાઓની સોંપણી સુનિશ્ચિત કરવી જોઇશે અને જરૂરી સ્ટાફને આવા હેતુ માટે કામે રાખવામાં આવશે.

૪. રાજ્યો/સંઘરાજ્ય ક્ષેત્રોના નિવાસી કમિશનર, નવી દિલ્લીમાં COVID-19 સંબંધિત પ્રવૃત્તિઓ અને રસોડાની અંતર્ગત કામગીરીઓનું સંકલન કરવા સુધી જ કામગીરી ચાલુ રખાશે.

૫. વન કચેરીઓ: સ્ટાફ/કામદારોને પ્રાણીસંગ્રહાલય, નર્સરી, વન્યજીવન, જંગલમાં આગ લાગવાના બનાવો સામેની કામગીરી, છોડવાંને પાણી પાવાની કામગીરી, પેટ્રોલીંગ અને તેની જરૂરી પરિવહનની હેરફેરનું સંચાલન કરવાનું અને તેને નિભાવવાનું જરૂરી રહેશે.

**૨૦. ફરજિયાત ક્વોરન્ટાઇન હેઠળ રાખવાની નીચે મુજબની વ્યક્તિઓ:**

૧. સ્થાનિક આરોગ્ય સત્તાધિકારીઓ દ્વારા નક્કી કર્યા મુજબની મુદત સુધી કડક ઘર/સંસ્થાકીય ક્વોરન્ટાઇન હેઠળ તમામ રાખવા માટે આરોગ્યવિષયક સાર-સંભાળ કરનારા કર્મચારીવર્ગ દ્વારા ફરમાવવામાં આવી હોય તેવી તમામ વ્યક્તિઓ.

૨. ક્વોરન્ટાઇનનું ઉલ્લંઘન કરતી વ્યક્તિઓ સામે, IPC, ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ કાનૂની પગલું લેવામાં આવશે.

૩. તા. ૧૫.૨.૨૦૨૦ પછી, ક્વોરન્ટાઇન મુદત પૂરી થયા પછી અને COVID-19 નેગેટીવ મુજબનું પરીક્ષણ થયા પછી ભારતમાં આવેલી હોય તેવી ક્વોરન્ટાઇન કરેલી વ્યક્તિઓને

MHA દ્વારા બહાર પાડવામાં આવેલા SOPમાં ઠરાવેલો પ્રોટોકોલ અનુસરીને મુક્ત કરવામાં આવશે.

**૨૧. ઉપરના લોકડાઉન પગલાંના અમલ માટેની સૂચના :**

૧. તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ-એ એનેક્ષર-૧માં નિર્દિષ્ટ કરેલી રાષ્ટ્રીય COVID-19 માર્ગદર્શિકાનો કડકાઇથી અમલ કરાવવો જોઇશે. ઠરાવેલો દંડ આ માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરતી તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેથી લેવો અને વસૂલ કરવો જોઇશે.

૨. તમામ ઔદ્યોગિક અને વાણિજ્યિક સંસ્થાઓ, કામના સ્થળો, કચેરીઓ વગેરેમાં તેમની કામગીરી શરૂ કરતાં પહેલાં એનેક્ષર-૨-માંની SOPના અમલીકરણ માટે વ્યવસ્થા ગોઠવવી જોઇશે.

૩. આવા નિયંત્રિત કરવાના પગલાંનો અમલ કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની ઇન્સિડન્ટ કમાન્ડર તરીકે સંબંધિત સ્થાનિક હકૂમતોમાં નિમણૂક કરશે. ઇન્સિડન્ટ કમાન્ડર, તેમની સંબંધિત હકૂમતોમાં આ પગલાંના સમગ્ર અમલીકરણ માટે જવાબદાર રહેશે. નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં બીજા તમામ વિભાગના અધિકારીઓ, આવા ઇન્સિડન્ટ કમાન્ડરના આદેશો મુજબ કાર્ય કરશે. ઇન્સિડન્ટ કમાન્ડર, સ્પષ્ટ કર્યા મુજબ આવશ્યક હેરફેરને શક્ય બનાવવા માટે પાસા કાઢી આપશે.

૪. ઇન્સિડન્ટ કમાન્ડર, ખાસ કરીને તેવું સુનિશ્ચિત કરશે કે હોસ્પિટલ આંતરમાળખાની વૃદ્ધિ અને તેના વિસ્તરણ માટે સાધન-સામગ્રી, કામદારો અને સામગ્રીના એકત્રીકરણ માટેના તમામ પ્રયત્નો કોઇપણ અડચણ વિના ચાલુ રહે.

૫. **આ માર્ગદર્શિકામાં પરવાનગી આપેલી અધિક પ્રવૃત્તિઓનો માર્ગદર્શિકાના કડક અમલીકરણ માટેની જરૂરી તમામ વ્યવસ્થાઓ કર્યા પછી તબક્કાવાર રીતે અમલ કરવામાં આવશે.આ ૨૦મી એપ્રિલ, ૨૦૨૦થી અમલમાં આવશે.**

**૨૨. શિક્ષાત્મક જોગવાઇઓ**

આ લોકડાઉન પગલાંનું ઉલ્લંઘન કરતી કોઇ વ્યક્તિ સામે IPCની કલમ ૧૮૮ હેઠળ અને લાગુ પડતી બીજી કાનૂની કાર્યવાહીઓ ઉપરાંત આપત્તિવ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫ની કલમો ૫૧ થી ૬૦ની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ કાનૂની જોગવાઇઓનો નિષ્કર્ષ એનેક્ષર ૩ ઉપર આપવામાં આવ્યો છે.

**કેન્દ્રીય ગૃહ સચિવ**

**એનેક્ષર ૧**

## COVID-19 વ્યવસ્થાપન માટેની રાષ્ટ્રીય માર્ગદર્શિકા

રાષ્ટ્રીય માર્ગદર્શિકાનો અમલ, આપત્તિવ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫-માં ઠરાવ્યા મુજબના દંડ અને શિક્ષાત્મક કાર્યવાહી મારફત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કરવો જોઇશે.

### જાહેર જગ્યાઓ

૧. તમામ જાહેર સ્થળો, કામના સ્થળોમાં મોંઢા પર કવર ઢાંકવું ફરજિયાત રહેશે.

૨. જાહેર સ્થળો, કામના સ્થળો અને પરિવહનનો હવાલો ધરાવતી તમામ વ્યક્તિઓએ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ સામાજિક અંતર સુનિશ્ચિત કરવું જોઇશે.

૩. જાહેર જગ્યાની કોઇપણ સંસ્થા/મેનેજરે ૫ અથવા વધારે વ્યક્તિઓના એકત્ર થવાની પરવાનગી આપવી જોઇશે નહિ.

૪. લગ્ન પ્રસંગો અને અંતિમયાત્રા જેવા પ્રસંગોએ લોકોના જમાવડાનું જિલ્લા મેજિસ્ટ્રેટ-એ નિયમન કરવું જોઇશે.

૫. જાહેર જગ્યાઓમાં થૂંકવા બદલ દંડની શિક્ષા કરવામાં આવશે.

૬. દારૂ, ગુટખા, તમાકુ વગેરેના વેચાણ પર કડક પ્રતિબંધ રહેશે અને થૂંકવા પર પણ પ્રતિબંધ કડકાઇથી લાદવામાં આવશે.

### કામની જગ્યાઓ

૭. તમામ કામની જગ્યાઓ પર તાપમાનના સ્ક્રીનિંગ (અવલોકન) માટે પૂરતી વ્યવસ્થાઓ હોવી જોઇશે અને અનુકૂળ સ્થળોએ સેનિટાઇઝર પૂરા પાડવા જોઇશે.

૮. કામની જગ્યાઓ પર બે પાળી વચ્ચે એક કલાકનું અંતર હોવું જોઇશે અને સામાજિક અંતર સુનિશ્ચિત થાય તે રીતે સ્ટાફનો લંચ બ્રેક ગોઠવવો જોઇશે.

૯. ૬૫-થી ઉપરની વયની વ્યક્તિઓ અને રોગીષ્ટ મનોવૃત્તિ ધરાવતી કામ કરતી વ્યક્તિઓ અને ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના માતા-પિતાને ઘરેથી કામ કરવા માટે પ્રોત્સાહન આપી શકાશે.

૧૦. આરોગ્ય સેતુના ઉપયોગનું પ્રોત્સાહન બંને ખાનગી અને જાહેર ક્ષેત્રના તમામ કર્મચારીઓને આપવામાં આવશે.

૧૧. તમામ સંસ્થાઓએ બે પાળીઓ વચ્ચે તેમની કામગીરીના સ્થળોને સેનિટાઇઝ કરવા જોઇશે.

૧૨. મોટી બેઠકો પર નિયંત્રણ લાદવામાં આવશે.

**ઉત્પાદન સંસ્થાઓ**

૧૩. સામાન્ય ભોંયતળિયાને અવાર-નવાર સાફ કરવાનો અને ફરજિયાતપણે હાથ ધોવાનો ફરમાવવામાં આવશે.

૧૪. બે પાળી વચ્ચેના સમય અને કેન્ટીનમાં સામાજિક અંતર સાથે લંચની ગોઠવણ સુનિશ્ચિત કરવી જોઇશે.

૧૫. સારા આરોગ્યની પદ્ધતિઓ પર સઘન સંદેશા-વ્યવહાર અને તાલીમ હાથ ધરવી જોઇશે.

**એનેક્ષર ૨**

## કચેરીઓ, કામના સ્થળ, કારખાના અને સંસ્થાઓ માટે સામાજિક અંતર માટેની કામની આદર્શ કાર્યરીતિ

તમામ કચેરીઓ, કારખાના અને અન્ય સંસ્થાઓ દ્વારા નીચેના પગલાંનું અમલીકરણ કરવું જોઇશે:

૧. નીચેની જગ્યાઓ સહિતની ગીચ જગ્યાઓમાંના તમામ વિસ્તારોને વપરાશકારને અનુકૂળ જંતુરહિત માધ્યમોનો ઉપયોગ કરીને સંપૂર્ણપણે જંતુરહિત બનાવવા જોઇશે:
   - ક. મકાન, કચેરી વગેરેના પ્રવેશદ્વાર.
   - ખ. કેફેટેરીયા અને કેન્ટીન (ઉપાહારગૃહ).
   - ગ. બેઠક યોજવાનો ખંડ, કોન્ફરન્સ હોલ/ઉપલભ્ય ખુલ્લા વિસ્તારો/વરંડા/જગ્યાના પ્રવેશદ્વાર, બંકર, પોર્ટા કેબિન, મકાન વગેરે.
   - ઘ. સાધન-સામગ્રી અને લિફ્ટ.
   - ચ. વોશરૂમ, શૌચાલય, સિંક; પાણી પીવાના સ્થળો વગેરે.
   - છ. દિવાલો/બીજા તમામ ભોંયતળિયા.

૨. બહારથી કામ માટે આવતા કામદારો માટે ખાસ પરિવહનની સુવિધા, જાહેર પરિવહનની વ્યવસ્થા પર કોઇપણ પ્રકારનું અવલંબન રાખ્યા વિના ગોઠવવી જોઇશે. આ વાહનોને માત્ર ૩૦ થી ૪૦% મુસાફરોની ક્ષમતા સાથે ચલાવવાની પરવાનગી આપવી જોઇશે.

૩. જગ્યામાં પ્રવેશ કરતા તમામ વાહનો અને સાધન-સામગ્રીને ફરજિયાતપણે સ્પ્રેનો છંટકાવ કરીને જંતુરહિત કરવી જોઇશે.

૪. કામના સ્થળોમાં પ્રવેશ કરતી અને કામનું સ્થળ છોડતી દરેક વ્યક્તિનું ફરજિયાત થર્મલ સ્કેનિંગ કરવું જોઇશે.

૫. કામદારો માટેનો આરોગ્ય વિમો ફરજિયાત બનાવવો જોઇશે.

૬. તમામ અંદર પ્રવેશવાના અને બહાર નીકળવાના સ્થળોએ અને સામાન્ય વિસ્તારોમાં હેન્ડવોશ અને ટચ ફ્રી મિકેનીઝમને અગ્રીમતા આપીને સેનિટાઇઝર માટેની જોગવાઇ કરવી જોઇશે. તમામ ચીજોનો પૂરતો જથ્થો ઉપલભ્ય કરવો જોઇશે.

૭. કામના સ્થળોએ પાળીઓ વચ્ચે એક કલાકનું અંતર હોવું જોઇશે અને સામાજિક અંતર સુનિશ્ચિત કરવા માટે સ્ટાફનો લંચ બ્રેક એ રીતે ગોઠવવો જોઇશે.

૮. ૧૦ અથવા વધુ વ્યક્તિઓનો મોટો જમાવડો અથવા તેમની બેઠકને પ્રોત્સાહન આપવું જોઇશે નહિ. નોકરીના સ્થળો પર અને જમાવડા, બેઠકો અને તાલીમ સત્રોમાં બેઠકની વ્યવસ્થા એક વ્યક્તિ બીજી વ્યક્તિથી ૬ ફૂટના અંતરે રહે તેવી રીતે ગોઠવવી જોઇશે.

૯. લીફ્ટ અથવા હોઇસ્ટમાં ૨/૪ વ્યક્તિઓ કરતાં વધુ વ્યક્તિઓને (લિફ્ટના કદને આધારિત) અવર-જવર કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ.

૧૦. ચડવા માટે દાદરા (સીડી)ના ઉપયોગને પ્રોત્સાહન આપવું જોઇશે.

૧૧. ગુટખા, તમાકુ વગેરે પર કડકાઇથી પ્રતિબંધ હોવો જોઇશે અને થૂંકવા પર કડકાઇથી પ્રતિબંધ લાદવામાં આવશે.

૧૨. સ્થળો ખાતે જેની જરૂર ન હોય તેવા બિન-આવશ્યક મુલાકાતીઓ પર સમગ્રતઃ પ્રતિબંધ હોવો જોઇશે.

૧૩. COVID-19ના દર્દીઓની સારવાર કરવા માટે અધિકૃત કર્યા હોય તેવા નજીકના વિસ્તારોમાંની હોસ્પિટલ/દવાખાનાને મુકરર કરવા જોઇશે અને તમામ વખતે કામના સ્થળે તેની યાદી ઉપલભ્ય કરવી જોઇશે.

**એનેક્ષર ૩**

## લોકડાઉનનાં પગલાંનો ભંગ કરવા માટેનાં ગુના અને તે માટેની શિક્ષા

**ક. આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005ની કલમ ૫૧ થી ૬૦**

**૫૧. અવરોધ વગેરે કરવા માટે શિક્ષા.**- જે કોઈપણ વ્યક્તિ, વાજબી કારણ વિના-

(ક) આ અધિનિયમ હેઠળનાં પોતાનાં કાર્ય બજાવતા કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને અથવા રાષ્ટ્રીય સત્તામંડળ અથવા રાજ્ય સત્તામંડળ અથવા જિલ્લા સત્તામંડળે અધિકૃત કરેલી કોઈપણ વ્યક્તિને અવરોધે; અથવા

(ખ) આ આધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા રાષ્ટ્રીય કારોબારી સમિતિ અથવા રાજ્ય કારોબારી સમિતિ અથવા જિલ્લા સત્તામંડળ દ્વારા અથવા તેમના વતી આપવામાં આવેલા કોઈપણ આદેશનું પાલન કરવાનો ઈનકાર કરે,

તે, દોષિત ઠર્યેથી, એક વર્ષની મુદત સુધી કેદની અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે અને આવો અવરોધ અથવા આદેશોનું પાલન કરવાનો ઈનકાર માનવ જિંદગીની ખુવારી અથવા તેના તોળાઈ રહેલા ખતરામાં પરિણમે ત્યારે તે દોષિત ઠર્યેથી, બે વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે.

**૫૨. ખોટો દાવો કરવા માટે શિક્ષા.**-જે કોઈપણ વ્યક્તિ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, રાષ્ટ્રીય સત્તામંડળ અથવા જિલ્લા સત્તામંડળના કોઈપણ અધિકારી પાસેથી કોઈપણ રાહત, સહાય, મરામત, પુનઃનિર્માણ અથવા આપત્તિ સંબંધી બીજા લાભ મેળવવા માટે જાણીબૂઝીને દાવો કરે, જે ખોટો છે તેવું તે જાણતો હોય થવા તેમ માનવાને કારણ હોય, તો તે દોષિત ઠર્યે તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે અને દંડની શિક્ષાને પણ પાત્ર થશે.

**૫૩ નાણાં અથવા સામગ્રી વગેરેની ઉચાપત માટે શિક્ષા.**- જે કોઈપણ વ્યક્તિ ભયજનક આપત્તિની પરિસ્થિતિ અથવા આપત્તિમાં રાહત પૂરી પાડવા માટે સૂચિત કરેલ કોઈપણ નાણાં અથવા સામગ્રી કોઈને પણ સોંપવામાં આવી હોય અથવા અન્યથા કોઈપણ નાણાં અથવા સામગ્રી તેના કબજા અથવા તેના તાબા હેઠળ હોય, તેની તેણે પોતાના ઉપયોગ માટે ઉચાપત કરી હોય અથવા વિનિયોગ કર્યો હોય અથવા આવા નાણાં અથવા સામગ્રી અથવા તેના કોઈપણ ભાગનો

નિકાલ કર્યો હોય અથવા આવું કરવા માટે કોઈપણ વ્યક્તિને જાણીબૂઝીને ફરજ પાડી હોય, તો દોષિત ઠર્યેથી તે બે વર્ષ સુધીની કેદની શિક્ષાને અથવા દંડને પણ પાત્ર થશે.

**૫૪. ખોટી ચેતવણી માટે શિક્ષા.**-જે કોઈપણ વ્યક્તિ,(લોકોમાં) ગભરાટ ફેલાય તેવી, આપત્તિ અથવા તેની ભયાનકતા અથવા વ્યાપની બાબતમાં ખોટી ભય-ચેતવણી અથવા ચેતવણી ઊભી કરે અથવા ફેલાવે, તો તે દોષિત ઠર્યેથી બે વર્ષ સુધી કેદની શિક્ષાને અથવા દંડને પણ પાત્ર થશે.

**૫૫. સરકારી વિભાગોએ કરેલા ગુના.**- (૧) આ અધિનિયમ હેઠળનો ગુનો સરકારના કોઈ વિભાગે કર્યો હોય, ત્યારે વિભાગના વડા, ગુના બદલ દોષિત હોવાનું ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેમને શિક્ષા કરી શકાશે, સિવાય કે તેઓ એમ સાબિત કરે કે ગુનો તેમની જાણ બહાર થયો હતો અથવા એવો ગુનો થતો અટકાવવા માટે તેમણે તમામ ઘટતી કાળજી રાખી હતી.

(૨) પેટા-કલમ (1)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો, સરકારના કોઈ વિભાગે કર્યો હોય અને તે એમ પુરવાર કરે કે એવો ગુનો વિભાગના વડા સિવાયના કોઈ અધિકારીની સંમતિથી અથવા તેની મૂક-સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીને કારણે થયો છે, ત્યારે તેવો અધિકારી પણ તે ગુના માટે દોષિત હોવાનું ગણાશે અને તેની સામે કાર્યવાહી ચલાવવાને પાત્ર ગણાશે અને તદનુસાર શિક્ષાને પાત્ર થશે.

**૫૬. અધિકારીની ફરજમાં નિષ્ફળતા અથવા આ અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘનમાં તેમની મૂકસંમતિ.**- કોઈપણ અધિકારીએ, તેના ઉપલા સરકારી અધિકારીની સ્પષ્ટ લેખિત પરવાનગી મેળવી હોય તે સિવાય અથવા આવું કરવા માટે બીજું કાયેદસરનું બહાનું ન હોય, તો જેની પર આ અધિનિયમથી અથવા તે હેઠળ કોઈપણ ફરજ લાદવામાં આવી હોય અને જે અમલ કરવાનું બંધ કરે અથવા ઈનકાર કરે અથવા પોતાના હોદ્દાની ફરજો બજાવવામાંથી પોતાની જાતને દૂર કરે, તો તે એક વર્ષની શિક્ષાને પાત્ર થશે અથવા દંડને પાત્ર થશે.

**૫૭. અધિગ્રહણ સંબંધી કોઈપણ હુકમના ઉલ્લંઘન બદલ શિક્ષા.**-કોઈપણ વ્યક્તિ, કલમ 65 હેઠળ કરેલા કોઈપણ હુકમનું ઉલ્લંઘન કરે, તો તે, એક વર્ષ સુધીની કેદની શિક્ષા થવાને અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

**૫૮. કંપનીઓએ કરેલા ગુના.-** (1) આ અધિનિયમ હેઠળનો ગુનો કોઈ કંપનીએ અથવા સંસ્થાપિત મંડળે કર્યો હોય, ત્યારે જે સમયે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે, જે વ્યક્તિ કંપનીના કામકાજનું સંચાલન કરવા માટે કંપનીનો હવાલો ધરાવતી હોય અને કંપનીને જવાબદાર હોય તે વ્યક્તિ તેમજ કંપની તે ગુના માટે દોષિત ગણાશે અને તેની સામે કાર્યવાહી કરવાને પાત્ર ગણાશે અને તેને તદનુસાર શિક્ષા કરવામાં આવશેઃ પરંતુ આવી કોઈ વ્યક્તિ, જો એમ પુરવાર કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા એવો ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી લીધી હતી, તો તે, આ પેટા-કલમમાંના કોઈ મજકૂરથી, આ અધિનિયમમમાં જોગવાઈ કરેલી કોઈ શિક્ષાને પાત્ર ગણાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય તે ગુનો તે કંપનીના કોઈ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા અન્ય અધિકારીની સંમતિથી અથવા તેની મૂકસંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી બેદરકારીને કારણે થયો છે એમ સાબિત થાય, ત્યારે તેવા ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી તે ગુના માટે દોષિત હોવાનું ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેને શિક્ષા કરી શકાશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુ માટે-

(ક) "કંપની" એટલે કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા એસોસિએશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં "ડિરેક્ટર" એટલે પેઢીનો ભાગીદાર.

**૫૯. ફોજદારી કામ ચલાવવા માટે પૂર્વ-મંજૂરી.-** કલમો 55 અને 56 હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, આવી સરકારે સામાન્ય અથવા ખાસ હુકમથી, આ અર્થે અધિકૃત કરેલા કોઈપણ અધિકારીની પૂર્વમંજૂરી સિવાય, ફોજદારી કામ ચલાવી શકાશે નહિ.

**૬૦. ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત.-** કોઈપણ કોર્ટ, આ અધિનિયમ હેઠળ (ક) રાષ્ટ્રીય સત્તામંડળ, રાજ્ય સત્તામંડળ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જિલ્લા સત્તામંડળ અથવા

કોઈપણ બીજા સત્તામંડળ અથવા યથાપ્રસંગ, તે સરકારે અથવા સત્તામંડળે આ અર્થે અધિકૃત કરેલા અધિકારી; અથવા

(ખ) કહેવાતા ગુના માટે, ઠરાવેલી રીતે ઓછામાં ઓછા ત્રીસ દિવસની મુદત માટેની અને રાષ્ટ્રીય સત્તામંડળ, રાજ્ય સત્તામંડળ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જિલ્લા સત્તામંડળ અથવા બીજા કોઈપણ સત્તામંડળ અથવા ઉપર્યુકત પ્રમાણે ઉપર અધિકૃત કરેલા અધિકારીને ફરિયાદ કરવાના પોતાના ઈરાદાની નોટિસ આપી હોય તેવી વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ સિવાય, ગુનાની ન્યાયિક નોંધ લઈ શકશે નહિ.

## ખ. ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮

**૧૮૮. રાજ્ય સેવક દ્વારા યોગ્ય રીતે બહાર પાડવામાં આવેલા હુકમનો અનાદર કરવા બાબત.-** જે કોઈ વ્યક્તિ એમ જાણતો હોય કે કોઈ હુકમ બહાર પાડવાની કાયદેસર સત્તા ધરાવતી વ્યક્તિ દ્વારા બહાર પાડવામાં આવેલા આવા હુકમથી, તેમને અમુક કૃત્યો કરવાથી દૂર રહેવાનો અથવા પોતાના કબજામાંની અથવા પોતાના સંચાલન હેઠળની અમુક મિલકત સંબંધી હુકમ કરવાનો આદેશ આપવામાં આવ્યો હોય, તે, આવા આદેશોનો અનાદર કરે અને આવા અનાદરથી કાયદેસર રીતે નિમાયેલી કોઈ વ્યક્તિને અવરોધ ઊભો થાય, હેરાનગતિ થાય અથવા ઈજા પહોંચે અથવા અવરોધ ઊભો કરવાનું, હેરાનગતિ કરવાનું અથવા ઈજા પહોંચાડવાનું કારણ બને, તેને એક મહિનાની મુદત સુધીની સાદી કેદની અથવા બસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે અને આવા અનાદરથી માનવ જીવન, આરોગ્ય અથવા માનવીની સુરક્ષા માટે જોખમ ઊભું થાય અથવા જોખમ ઊભું થવાનું કારણ ઉત્પન્ન થાય અથવા હુલ્લડ અથવા મારામારી થાય અથવા તેમ થવાનું કારણ બને, તેને, છ મહિનાની મુદત સુધીની કોઈપણ પ્રકારની જેલની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ.- એ બાબત જરૂરી નથી કે ગુનેગાર ઈજા પહોંચાડવાનો ઈરાદો ધરાવતો હોય અથવા ઈજા પહોંચાડવાની સંભાવના હોય તે રીતે અનાદર કરવાનો ઈરાદો ધરાવતો હોય. તે બાબત પૂરતી છે કે પોતે જે હુકમનો અનાદર કરતો હોય તે હુકમ અંગે તે જાણતો હોય અને તેના અનાદરથી ઈજા પહોંચે અથવા ઈજા પહોંચાડવાની સંભાવના હોય.

ઉદાહરણઃ

કોઈ હુકમ બહાર પાડવાની કાયદેસરની સત્તા ધરાવતા રાજ્ય સેવક, અમુક શેરીમાંથી ધાર્મિક સરઘસ કાઢવું નહિ તેવો આદેશ આપતો હુકમ બહાર પાડે છે. Aવ્યક્તિ જાણીબૂઝીને આ હુકમનો અનાદર કરે છે અને તેમ કરીને હુલ્લડનો ભય ઊભો કરે છે.Aવ્યક્તિએ, આ કલમમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો ગુનો કર્યો છે.